# અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરની યાદી જણાવે છે કે સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૫/૦૬/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક-મશબ/૧૨૧૯/૫૫૦/છ અનુસાર ધોરણ-૧૦ બાદ I.T.I. નો બે વર્ષ કે તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્ષ પૂર્ણ કરેલ હોય અને તે માટેની N.C.V.T કે G.C.V.T ની આગામી જુલાઇ-સપ્ટેમ્બરમાં લેવાનાર પરીક્ષામાં ઉપસ્થિત થનાર હોય તેવા વિદ્યાર્થીઓ જો H.S.C સામાન્ય પ્રવાહ જુલાઇ-૨૦૧૯ની પૂરક પરીક્ષામાં અંગ્રેજી(૦૧૩) વિષય માટે ઉપસ્થિત થવા માગતા હોય તો તેવા વિદ્યાર્થીઓએ તા.૦૧/૦૭/૨૦૧૯ થી તા.૦૫/૦૭/૨૦૧૯ સુધીમાં બોર્ડની કચેરીમાં નજીકની ઉચ્ચતર માધ્યમિક શાળા મારફતે આવેદનપત્ર ભરી તથા આ સાથે સામેલ નિયત નમુનાનું બોનાફાઇડ સર્ટીફીકેટ તેઓ જે I.T.I. સંસ્થામાં ભણતા હોય તે સંસ્થામાંથી મેળવી ધોરણ-૧૦ ની માર્કશીટ અને એલ.સી. ની નકલ બોર્ડની કચેરીની ક-૧ શાખામાં જમા કરાવવાનું રહેશે. આવા વિદ્યાર્થીઓ માટેની H.S.C જુલાઇ -૨૦૧૯ની પરીક્ષા માટેના આવેદનપત્રનો અને બોનાફાઇડ સર્ટીફીકેટનો નમૂનો આ સાથે સામેલ છે.

<u>ચાલુ વર્ષની N.C.V.T કે G.C.V.T ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓ જ H.S.C જુલાઇ -૨૦૧૯ની પરીક્ષા ઉપસ્થિત થઇ શકશે તેમજ માત્ર અંગ્રેજી(૦૧૩) વિષય માટે જ લેવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.</u>

આપેલ સમય મર્યાદામાં આવેદનપત્ર ભરનાર વિદ્યાર્થીઓની હોલ ટીકીટ તારીખ. ૧૦ અને ૧૧ જુલાઇ ૨૦૧૯ના રોજ બે દિવસ દરમ્યાન રૂબરૂમાં બોર્ડની કચેરીની ક-૧ શાખા માંથી મેળવી લેવાની રહેશે.

ખાસ નોંધઃ- કન્યા વિદ્યાર્થીઓ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓએ ફી ભરવાની રહતી નથી જયારે કુમાર વિદ્યાર્થીઓની ફી રૂ.૧૩૦/- રહેશે.

(સહી)

નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખઃ-૦૧/૦૭/૨૦૧૯
સ્થળઃ-ગાંધીનગર

પ્રતિ,
આચાર્યશ્રીઓ,
સુરત શહેરની તમામ શાળાઓ તરફ
ટ/જાણ તથા અમલ સારૂ

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત જિલ્લો, સુરત